# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેશેલ્સની સ્વતંત્રતાની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં અતિથિ વિશેષ હાજરી આપી.

2) ગુજરાતના વડોદરા ખાતે ચોથી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ આજથી શરૂ થશે.

3) કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી જગત પ્રકાશ નડ્ડા આજે બાળ આરોગ્ય કાર્યક્રમનો પ્રારંભ કરાવશે.

4) વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલ ધ એથેન્સ સ્ટાર્ટઅપ બિઝનેસ ઇન્ક્યુબેટર સેશનમાં ભાગ લેશે.

5) વેનેઝુઆલામાં આવેલા વિનાશક ભૂકંપમાં મૃત્યુઆંક વધીને એક હજાર 450 થયો.

6) FIH હોકી પ્રો લીગની મેચમાં ભારતીય પુરુષ હોકી ટીમે ઇંગ્લેન્ડને 3-2થી હરાવ્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM SEYCHELLES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેશેલ્સની સ્વતંત્રતાની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં અતિથિ વિશેષ હાજરી આપી હતી. આ સન્માન મેળવનારા તેઓ પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યા હતા.

નૌકાદળ અને સેનાની ટીમોનો સમાવેશ કરતી ભારતીય માર્ચિંગ ટુકડીએ પરેડમાં ભાગ લીધો હતો. ભારતીય નૌકાદળના બેન્ડે પણ ભારતીય માર્ચિંગ યુનિટનો ભાગ બન્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત અને સેશેલ્સની ભાગીદારીને ગાઢ અને ખાસ ગણાવી હતી

**BYTE: PM MODI**

શ્રી મોદી શનિવારે સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીના આમંત્રણ પર સેશેલ્સ પહોંચ્યા હતા.

# VIBRANT GUJARAT CONFERENCE

ગુજરાતમાં, ચોથી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ આજથી વડોદરાની GSFC યુનિવર્સિટી ખાતે 'પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ' થીમ હેઠળ શરૂ થશે.

મંત્રીઓ રાજનાથ સિંહ, મનોહર લાલ ખટ્ટર, મનસુખ માંડવિયા, મુખ્ય રાજ્ય મંત્રીઓ અને વૈશ્વિક રાજદ્વારીઓ સાથે બે દિવસીય પરિષદમાં ભાગ લેશે જેનો ઉદ્દેશ્ય મધ્ય ગુજરાત ક્ષેત્રમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવાનો છે.

સાંભળીએ એક અહેવાલ......

**VC- અપર્ણા ખૂટ**

# JP NADDA

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડા આજે નવી દિલ્હીમાં બાળ આરોગ્ય કાર્યક્રમનો પ્રારંભ કરાવશે. આ કાર્યક્રમ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પરિષદની 16મી બેઠકમાં શરૂ કરવામાં આવશે.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમ "પ્રથમ ત્રણ વર્ષ, વ્યાપક સંભાળ" ના દર્શન પર આધારિત છે. તેનો ઉદ્દેશ્ય જન્મથી ત્રણ વર્ષ સુધીના બાળકોને ઘરની નજીક વધુ સારી આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડવાનો છે.

આ કાર્યક્રમ હેઠળ, નવજાત શિશુઓ અને નાના બાળકો માટે હાલના ઘર-આધારિત સંભાળ કાર્યક્રમોને એકીકૃત કરવામાં આવશે. જરૂરિયાતમંદ બાળકોને વિશેષ ધ્યાન અને નિયમિત આરોગ્ય તપાસ આપવામાં આવશે.

# PIYUSH GOYEL-GRESSE

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ યુનાઇટેડ કિંગડમની મુલાકાત પૂર્ણ કર્યા પછી ગ્રીસના એથેન્સમાં ઉચ્ચ સ્તરીય ભારતીય વ્યાપાર પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે, જેનો મુખ્ય હેતુ વેપાર, રોકાણ અને વ્યૂહાત્મક આર્થિક સહયોગને મજબૂત બનાવવાનો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે, ગ્રીસની મુલાકાત દરમિયાન, પ્રતિનિધિમંડળ ધ એથેન્સ સ્ટાર્ટઅપ બિઝનેસ ઇન્ક્યુબેટર ખાતે પ્રેઝન્ટેશન અને સ્ટાર્ટઅપ પિચમાં ભાગ લેશે.

# EARTHQUAKE

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ જોર્જ રોડ્રિઝે જણાવ્યું હતું કે, ગત બુધવારે વેનેઝુએલામાં આવેલા બે શક્તિશાળી ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 1,450 થઈ ગયો છે.

7.2 અને 7.5 ની તીવ્રતાના બે શક્તિશાળી ભૂકંપ પછી, વેનેઝુએલામાં શનિવારે દક્ષિણ અમેરિકન દેશના મધ્ય પ્રદેશમાં 4.1ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો.

આ આપત્તિથી 3,238 લોકો ઘાયલ થયા છે અને 3,142 પરિવારો પ્રભાવિત થયા છે. હજારો લોકો હજુ પણ શોધ અને બચાવ કામગીરીમાં 24 કલાક કામ કરી રહ્યા છે. બચાવ ટીમો દરિયાકાંઠાના અને પર્વતીય પ્રદેશોમાં અસરગ્રસ્ત સમુદાયો સુધી પહોંચી રહ્યા છે.

# US - IRAN TALKS

અમેરિકા અને ઈરાન કતારની રાજધાની દોહામાં વળતા હુમલાઓ અટકાવવા અને વાટાઘાટો ફરી શરૂ કરવા સંમત થયા છે.

આ પગલાનો હેતુ હોર્મુંઝ સ્ટ્રેટ પરના તેમના વિવાદને ઉકેલવાનો છે, મહિનાઓથી ચાલી રહેલા લશ્કરી તણાવને કારણે યુદ્ધવિરામ માટે મુશ્કેલી ઊભી થઇ રહી છે.

સાંભળીએ એક અહેવાલ..

## BYTE: અમીષા

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MAHARASTRA- PAPER LEAK

ભિવંડીની એક સેશન્સ કોર્ટે મહારાષ્ટ્ર શિક્ષક પાત્રતા પરીક્ષા પેપર લીક કેસમાં ધરપકડ કરાયેલા ત્રણ આરોપીઓને 6 જુલાઈ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલ્યા છે.

તપાસ એજન્સીને આંતર-રાજ્ય પરીક્ષા રેકેટની સંડોવણીની શંકા છે. ભિવંડી પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે આરોપીઓએ લીક થયેલા પ્રશ્નપત્રને એક કરોડ પચાસ લાખ રૂપિયામાં વેચવા માટે દિલ્હીથી ભિવંડીનો પ્રવાસ કર્યો હતો.

તપાસકર્તાઓએ લીક થયેલા પેપરના સ્ત્રોતને શોધવા, નાણાકીય વ્યવહારોની તપાસ કરવા, પેપર મહારાષ્ટ્રમાં અન્યત્ર વેચાયું હતું કે કેમ તે શોધવા અને રેકેટના અન્ય સભ્યોને ઓળખવા માટે દસ દિવસની પોલીસ કસ્ટડી માંગી હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, તપાસમાં આંતર-રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના નેટવર્કની સંડોવણી બહાર આવી છે.

# PAKISTAN - KARACHI

કરાચીમાં થયેલી તાજેતરની ઘટના અંગે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા આરોપોને ભારતે સ્પષ્ટપણે નકારી કાઢ્યા હતા અને તેમને પાયાવિહોણા ગણાવ્યા હતા.

મીડિયાના પ્રશ્નોના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે, બીજાઓ પર આંગળી ચીંધવાને બદલે, પાકિસ્તાને પોતાની અંદર

જોવું જોઈએ અને તેના પ્રદેશ પરના આતંકવાદી માળખા સામે વિશ્વસનીય કાર્યવાહી કરવી જોઈએ.

## IMD

ભારતીય હવામાન વિભાગ (IMD) એ ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમ પર અલગ અલગ જગ્યાએ ભારે વરસાદ માટે લાલ રંગની ચેતવણી જારી કરી છે. આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના ભાગોમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાના આગળ વધવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ છે. આગામી બે દિવસ દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, કેરળ અને માહેના ભાગોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

## ACB - DELHI

દિલ્હીની ભ્રષ્ટાચાર વિરોધી શાખા (ACB) એ દવાઓ, સર્જિકલ ચીજ વસ્તુઓ અને તબીબી ઉપકરણોની ખરીદીમાં મોટા પાયે ગેરરીતિઓ સાથે સંકળાયેલા કેસના સંદર્ભમાં તત્કાલીન આરોગ્ય સેવા મહાનિર્દેશક (DGHS) ડૉ. વત્સલા અગ્રવાલ અને CPAના ડેપ્યુટી એકાઉટંટ નીરજ ચોપરાની ધરપકડ કરી છે.

## HOCKEY

લંડન ખાતે FIH હોકી પ્રો લીગની મેચમાં ભારતીય પુરુષ હોકી ટીમે પેનલ્ટી શૂટ-આઉટમાં ઇંગ્લેન્ડને 3-2થી હરાવ્યું. અભિષેક, શિલાનંદ લાકરા અને હાર્દિક સિંહે ખૂબ જ રોમાંચક મેચમાં ભારત માટે શૂટ-આઉટમાં ગોલ કર્યા.

આ વિજયથી ભારતની ક્ષમતાનું પ્રદર્શન થયું. પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરાયેલા ડિફેન્ડર સંજયે શાનદાર દેખાવ કર્યો, જ્યારે બંને ગોલકીપરોએ ક્લીન શીટ જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

## ICC WOMEN’S T20

ICC મહિલા T20 વર્લ્ડ કપમાં, ઓસ્ટ્રેલિયાએ ગઈકાલે લંડનના લોર્ડ્સ ખાતે તેમની છેલ્લી ગ્રુપ A મેચમાં ભારતને 6 વિકેટથી હરાવ્યું. ભારતે ઓસ્ટ્રેલિયાને 171 રનનો લક્ષ્યાંક આપ્યો. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ 19 ઓવરમાં 4 વિકેટે 172 રન બનાવ્યા. આ પહેલા, પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા, ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 170 રન બનાવ્યા હતા.

## MEN’S CRICKET

પુરુષોની ક્રિકેટમાં, આયર્લેન્ડે ભારતને બીજી અને અંતિમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં એક રનથી હરાવ્યું. આ વિજય સાથે, આયર્લેન્ડે બે મેચની શ્રેણી 2-0 થી

જીતી લીધી. બેલફાસ્ટમાં પ્રથમ બેટિંગ કરતા, આયર્લેન્ડે 20 ઓવરમાં આઠ વિકેટે 154 રન બનાવ્યા. જવાબમાં, ભારતીય ટીમ 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને માત્ર 153 રન જ બનાવી શકી.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોમાં ફ્રાન્સ અને સાઉદી અરેબિયામાં થયેલ વિમાન દુર્ઘટના અને યુરોપમા વધતી ગરમીથી લોકો ત્રાહીમામ જેવા સમાચારો વાંચવા મળી રહ્યા છે..
- ગુજરાત સમાચારની હેડલાઈન છે યુરોપમાં આગ ઓકતું આકાશ- ફ્રાન્સમાં 1000ના મોત...
- સંદેશ પ્રથમ પાને લખે છે હિન્દ મહાસાગર અવસરોનો મહાસાગર બનશે- મોદી,........ફ્રાન્સના આરોગ્ય વિભાગનો ઘટસ્ફોટ, ગરમીના મોજાથી 1 હજારથી વધુ લોકોના મોત નિપજ્યાં........
- ફૂલછાબનુ શિર્ષક છે અમેરિકા ઈરાનના સામસામા હુમલામાં શાંતિનો કચ્ચરઘાણ.....વેનેઝુએલામાં ફરી 4.9નો ભૂકંપ...